# રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સના આયોજનની ક્ષમતા બતાવવા બદલ લદ્દાખને અભિનંદન પાઠવ્યા

**KIWG 2026 ના લેહ-લેગને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તા દ્વારા ખુલ્લો જાહેર કરવામાં આવ્યો, પીએમ મોદીના સ્પોર્ટ્સ વિઝનના વખાણ કર્યા**





## એથ્લેટ્સ અને કોચ સહિત અંદાજે ૧૦૬૦ લોકો આ ગેમ્સમાં ભાગ લેશે, જેનો પ્રથમ તબક્કો ૨૬ જાન્યુઆરીએ પૂર્ણ થશે

કમલમ્,

મંગળવારે અહીં નવાંગ દોરજાન સ્તોબદાન (NDS) સ્ટેડિયમ ખાતે ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સની છઠ્ઠી આવૃત્તિનો પ્રારંભ થયો હતો. વિન્ટર ગેમ્સનો લદ્દાખ તબક્કો, જેમાં સ્કેટિંગ અને હોકી જેવી આઈસ સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવશે, તે ૨૬ જાન્યુઆરીએ પૂર્ણ થશે. કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ ત્રીજી વખત KIWG નું આયોજન કરી રહ્યું છે. KIWG નો સ્નો લેગ (બરફ પરની રમતનો તબક્કો) આ વર્ષના અંતમાં જમ્મુ અને કાશ્મીરના ગુલમર્ગમાં યોજાશે. પરંપરાગત સંગીત અને નૃત્ય તથા આર્મી XI અને UT લદ્દાખ વચ્ચે પ્રદર્શન આઈસ હોકી મેચ સાથેના રંગારંગ ઉદઘાટન સમારોહમાં, ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ ૨૦૨૬ને લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર શ્રી કવિન્દર ગુપ્તા દ્વારા ખુલ્લી જાહેર કરવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ ૨૦૨૬ ના પ્રથમ તબક્કાનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની દેખરેખ હેઠળ લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશના યુવા સેવા અને રમતગમત વિભાગ દ્વારા કરવામાં આવશે. ગેમ્સના સંચાલન માટેની ટેકનિકલ કુશળતા આઈસ સ્પોર્ટ્સનું સંચાલન કરતી નેશનલ સ્પોર્ટ્સ પ્રમોશનલ બોડીઝ/ફેડરેશન દ્વારા પૂરી પાડવામાં આવશે. લદ્દાખને આપેલા સંદેશમાં, માનનીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે "હું ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું ફરી એકવાર સફળતાપૂર્વક આયોજન કરવા માટે અને આત્મવિશ્વાસ તથા ક્ષમતા સાથે એ સાબિત કરવા માટે કે ભારતનું વિન્ટર સ્પોર્ટ્સનું ભવિષ્ય હિમાલયથી બહોરની તરફ બની રહ્યું છે, તે બદલ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખને અભિનંદન પાઠવું છું. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, લદ્દાખ એ વાતનું પ્રતીક બનીને ઉભરી આવ્યું છે કે કેન્દ્રિત નીતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને સ્થાનિક પ્રતિબદ્ધતા શું હાંસલ કરી શકે છે. જે રીતે આ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે તે રાષ્ટ્રીય સ્તરે સ્પષ્ટ સંકેત આપે છે કે વિન્ટર સ્પોર્ટ્સ હવે ભારતની સ્પર્ધાત્મક રમતગમત માળખાનો અભિન્ન હિસ્સો છે અને તેને ગંભીરતા, વ્યાપ અને લાંબા ગાળાના ઈરાદા સાથે આગળ વધારવામાં આવશે." ડૉ. માંડવિયાએ ઉમેર્યું હતું કે, "ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ ૨૦૨૬ ને જાણીજોઈને બે-તબક્કાની સ્પર્ધા તરીકે ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં લેહમાં આઈસ સ્પોર્ટ્સ અને ત્યારબાદ ફેબ્રુઆરીમાં જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના ગુલમર્ગમાં સ્નો ઈવેન્ટ્સ યોજાશે, જેથી એથ્લેટ્સ માટે ઊંડાણ, સાતત્ય અને ઉચ્ચ ગુણવત્તાનું સ્પર્ધાત્મક એક્સપોઝર બનાવી શકાય. આ માળખું એથ્લેટ્સને વિવિધ ભૂપ્રદેશો અને પરિસ્થિતિઓમાં પોતાને ચકાસવાની મંજૂરી આપે છે, જે આંતરરાષ્ટ્રીય વિન્ટર સ્પોર્ટ ધોરણો સાથે ગાઢ રીતે જોડાયેલું છે. જો ભારત આગામી વર્ષોમાં વિન્ટર ઓલિમ્પિક ડિસિપ્લિનમાં છૂટાછવાયા સહભાગી થવાને બદલે સ્થિર રીતે વિશ્વસનીયતા, સાતત્ય અને સ્પર્ધાત્મકતા વધારવા માંગતું હોય તો આવી સતત સ્થાનિક સ્પર્ધા આવશ્યક છે." તેમના ભાષણમાં શ્રી ગુપ્તાએ વ્યક્ત કર્યું હતું કે ભારતમાં રમતગમતના પ્રોત્સાહન અંગે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી લદ્દાખને કેવી રીતે ફાયદો થયો છે. "માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, ભારતની રમતગમત સંસ્કૃતિને નવો વેગ મળ્યો છે. ખેલો ઈન્ડિયા પહેલ દ્વારા, યુવા સશક્તિકરણ, શારીરિક તંદુરસ્તી અને રમતગમતની શ્રેષ્ઠતાને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ તરીકે ઉન્નત કરવામાં આવી છે." શ્રી ગુપ્તાએ ઉમેર્યું: "છેલ્લા ત્રણ વર્ષથી સતત ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું આયોજન કરવું એ લદ્દાખ માટે ખૂબ જ ગર્વની વાત છે. તે લદ્દાખની ક્ષમતા, પ્રતિબદ્ધતા અને ઈવેન્ટ મેનેજમેન્ટમાં શ્રેષ્ઠતામાં રાષ્ટ્રનો વિશ્વાસ પ્રતિબિંબિત કરે છે." ૪૮૦ એથ્લેટ્સ સહિત એક હજાર સાઠ (૧૦૬૦) સહભાગીઓ KIWG ૨૦૨૬ માં ભાગ લેશે જે ત્રણ સ્થળોએ રમાશે – નવનિર્મિત NDS સ્ટેડિયમ, ગુપુખનું તળાવ અને લદ્દાખ સ્કાઉટ્સ રેજિમેન્ટલ સેન્ટર રિંક. ફિગર સ્કેટિંગ, જે એક ઓલિમ્પિક રમત છે અને જેમાં ભારતીયો આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરી રહ્યા છે, તે આ ગેમ્સમાં ડેબ્યૂ કરી રહી છે. ભારતના કેટલાક શ્રેષ્ઠ સ્કેટર KIWGની આ આવૃત્તિમાં ભાગ લેશે. ઉદઘાટન સમારોહમાં લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ કારગિલના માનનીય ચીફ એક્ઝિક્યુટિવ કાઉન્સિલર ડૉ. મોહમ્મદ જાફર અખૂન, મુખ્ય સચિવ શ્રી આશિષ કુંદ્રા સહિત કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીના વિઝનને અનુરૂપ, શ્રી ગુપ્તાએ જણાવ્યું હતું કે લદ્દાખ રમતગમતના વિકાસમાં પણ ઝડપી પ્રગતિ કરી રહ્યું છે. "લદ્દાખને તાજેતરમાં તેની સૌપ્રથમ સ્પોર્ટ્સ પોલિસી મળી છે. આ પોલિસી શાળા સ્તરે પ્રતિભા ઓળખવા પર; મહિલાઓ અને દિવ્યાંગ એથ્લેટ્સ માટે સર્વસમાવેશક રમતગમત ઈકોસિસ્ટમ બનાવવા પર; લદ્દાખ સ્પોર્ટ્સ કાઉન્સિલને મજબૂત કરવા પર; ઉત્કૃષ્ટ ખેલાડીઓ માટે સરકારી નોકરીઓમાં ચાર ટકા અનામત પૂરી પાડવા પર; ખાતરીપૂર્વકની શિષ્યવૃત્તિ; ૧૦૦ કરોડ સુધીના રોકડ પુરસ્કારો; આંતરરાષ્ટ્રીય ધોરણના રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ; શ્રેષ્ઠતાના કેન્દ્રો (centres of excellence) નો વિસ્તાર; અદ્યતન તાલીમ કાર્યક્રમો; કોચ માટે પ્રોત્સાહન; શિક્ષણ સાથે રમતગમતનું સંકલન; અને સ્પોર્ટ્સ ટુરિઝમના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પોલિસી લદ્દાખના યુવાનોને પ્રેરણા આપશે અને તેમને વ્યવસાયિક રીતે રમતગમત અપનાવવા માટેના માર્ગો પૂરી પાડશે."

# જિલ્લા કલેક્ટર સુજીત કુમારના અધ્યક્ષસ્થાને સ્થળ નિરીક્ષણ અને સમીક્ષા બેઠક યોજાઈ

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મકરબા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગણતંત્ર દિવસે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે**

કમલમ્,

દેશના ૭૭મા ગણતંત્ર દિવસ નિમિત્તે આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદના મકરબા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં સવારે ૯-૦૦ ક્લાકે ધ્વજવંદન સમારોહ યોજાશે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર સુજીત કુમારે કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ, નિરીક્ષણ કર્યું હતું અને સમીક્ષા બેઠક યોજી હતી. આ આયોજનના ભાગરૂપે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પરેડ ગ્રાઉન્ડ ખાતે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ સમગ્ર કાર્યક્રમના સુચારુ, શિસ્તબદ્ધ અને ગૌરવસભર આયોજન માટે જિલ્લા કલેક્ટર દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં ધ્વજવંદન સમારોહ, પરેડ વ્યવસ્થા, સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ, આમંત્રિત મહેમાનોની વ્યવસ્થા, ટેબ્લો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ઉપસ્થિત રહેનારા નાગરિકોને ધ્યાનમાં રાખીને વિવિધ સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર સુજીત કુમારે તમામ સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન સાથે પોતાની જવાબદારીઓ નિભાવવાની સૂચના આપી હતી તેમજ ગણતંત્ર દિવસનો કાર્યક્રમ રાષ્ટ્રીય ગૌરવ અને આન-બાન-શાન સાથે ઉજવાય તે માટે



તમામ જરૂરી વ્યવસ્થાઓ સમયસર પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેવડિયા સ્થિત સહકાર ભવન ખાતે ૧૭મો આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાયો







કમલમ્,શૈશવ રાવ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત નર્મદા દ્વારા ૧૭મો આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ વડોદરાના સાંસદશ્રી ડૉ. હેમાંગ જોશી તથા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંગભાઈ તડવીની ઉપસ્થિતિમાં કેવડિયા સ્થિત સહકાર ભવન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે વડોદરાના સાંસદશ્રી તથા માયભારત સલાહકાર સમિતિના સદસ્ય ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તથા કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાના માર્ગદર્શન હેઠળ ૧૭મો ટ્રાયબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ (આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ) ગુજરાતના કેવડિયા-એકતા નગર ખાતે આયોજિત કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા આદિવાસી યુવાનો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન થશે તેમજ તેઓ એકબીજાની પરંપરા, સંસ્કૃતિ અને જીવનશૈલીને સમજી જ્ઞાન અને અનુભવનું આદાન-પ્રદાન કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યુવાનોમાં દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સાત દિવસ દરમિયાન યુવાનોને વિવિધ મહાનુભાવો સાથે વ્યક્તિગત વાર્તાલાપ કરવાની તક મળશે, જે તેમના વ્યક્તિત્વ અને નેતૃત્વ વિકાસમાં સહાયક બનશે. ઉપરાંત, યુવાનો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, કાર્ય અને આદર્શોમાંથી પ્રેરણા મેળવશે તથા વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવશે. આ કાર્યક્રમમાં આદિવાસી યુવાનો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન, રાષ્ટ્રીય એકતા, નેતૃત્વ વિકાસ અને પરસ્પર સમજ વધારવાના હેતુથી છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઓડિશા અને ઝારખંડ રાજ્યના વિવિધ ૧૦ જિલ્લાઓમાંથી કુલ ૨૧૮ જેટલા યુવાઓ સહભાગી બન્યા હતા. આ કાર્યક્રમમાં સહભાગી થયેલ સુશ્રી પલ્લવી યાદવે જણાવ્યુ કે, આદાન-પ્રદાન કાર્યક્રમ થકી સૌને અલગ અલગ આદિવાસી સંસ્કૃતિની ઓળખ થશે તે બદલ સૌનો આભાર માનું છું. કાર્યક્રમ દરમિયાન સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી શ્રીમતી નિમિષા પંચાલ દ્વારા ટ્રાફિક નિયમો તથા માર્ગ સલામતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને ઉપસ્થિત સૌએ નિયમોના પાલન માટે શપથ લીધા હતા. આ ઉપરાંત, ૧૫૦ કિ.મી. યુનિટી માર્ચમાં સહયોગ આપનાર યુવાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં માય ભારત નર્મદાના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી પંકજ યાદવ, ભારત સરકાર ગૃહ મંત્રાલયના ઉપસચિવ શ્રી રાજકુમાર, ગુજરાત પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી શ્રી ઈશાન સોની, માય ભારત નર્મદાના પ્રોગ્રામ ઓફિસર શ્રી ચંદ્રકાંત બક્ષી, વિવિધ રાજ્યોના પ્રતિનિધિશ્રીઓ સહિત યુવાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ-ગાંધીનગર એસ.ટી. ની એ.સી બસ સેવાનો શુભારંભ કરાવતા ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ અને શ્રી રમેશભાઈ ટીલાળા

**એસ.ટી. બસો સુવિધાસભર અને સલામત હોવાથી નાગરિકોને સરકારી બસનો લાભ લેવા અનુરોધ કરતા ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ**





કમલમ્,રાજકોટ

મુસાફરોની સુવિધા અને વધતી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા રાજકોટ–ગાંધીનગર વચ્ચે નવી એ.સી. સીટીંગ બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે, જેનું લોકાર્પણ ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ અને શ્રી રમેશભાઈ ટીલાળા દ્વારા લીલી ઝંડી બતાવી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની સરકારનો મુખ્ય ઉદ્દેશ છે કે જ્યાં માનવી ત્યાં સુવિધા. રાજ્યસરકારની એસ.ટી. બસો સુવિધાસભર અને સલામત છે હું ખુદ ગાંધીનગર જતી વખતે એસટી બસની સેવાનો ઉપયોગ કરું છું. ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા રાજકોટ બસ પોર્ટ ખાતે મુસાફરોની સુવિધા માટે રાજકોટ બસ સ્ટેશન ખાતે નવી પૂછપરછ બારી પણ શરૂ કરાઈ છે, જેનો મુસાફરોને લાભ લેવા મારો ખાસ અનુરોધ છે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, રાજકોટથી ગાંધીનગર વચ્ચે ચાર વોલ્વો બસ સેવા ચાલુ છે, ત્યારે આજથી પાંચમી એ.સી. બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. આ તકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો રાજકોટની જનતા વતી આભાર વ્યક્ત કરું છું કે લોકલાગણીને ધ્યાને રાખીને આ બસ સેવા શરૂ કરાવી. અત્યાર સુધી વોલ્વો બસ સેવા સવાર સાંજના ચાલુ હતી, જે હવે બપોરના પણ શરૂ થઈ ગઈ છે. જેથી મુસાફરો કોઈ પણ સમયે રાજકોટ-ગાંધીનગર આવ-જા કરી શકશે. આ બસ સેવા ચોટીલા હાઈવે, સાયલા, લીંબડી, બગોદરા, ઈસ્કોન, નેહરુનગર અને રાણીપ માર્ગે પસાર થઈ ગાંધીનગર પહોંચશે. રાજકોટથી દરરોજ સાંજે ૪:૦૦ કલાકે પ્રસ્થાન કરી રાત્રે ૯:૦૦ કલાકે ગાંધીનગર પહોંચશે, જ્યારે ગાંધીનગરથી સવારે ૭:૩૦ કલાકે પ્રસ્થાન કરી બપોરે ૧૨:૩૦ કલાકે રાજકોટ પહોંચશે, જેનું એક તરફનું ભાડું રૂ. ૪૫૨ રહેશે. સાંજના સમયે પણ ગાંધીનગર સુધી એ.સી. બસનો વિકલ્પ ઉપલબ્ધ બનતાં નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ તેમજ પ્રવાસીઓને વિશેષ લાભ મળશે. આ તકે પ્રવાસી બંસી સવાણીએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, હું નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશનમાં અભ્યાસ કરું છું, હું મોટા ભાગે એસ.ટી.ની બસ દ્વારા જ મુસાફરી કરું છું.

આ બસનો સમય એકદમ યોગ્ય છે, સિટિંગ અરેંજમેન્ટ કમ્ફર્ટેબલ છે, એ.સી. પણ નોર્મલ હોય છે તેમજ કેમેરા હોવાથી વધુ સુરક્ષિતતા અનુભવાય છે અને ચાર્જિંગની સુવિધા પણ છે, સ્વચ્છતા અને મહિલાઓ માટેની સિટિંગ વ્યવસ્થા એકદમ સરસ છે. આ અવસરે રાજકોટ એસ. ટી વિભાગ નિયામક શ્રી એચ. એસ. જોશી, રાજકોટ એસ. ટી. ડેપો મેનેજર (વોલ્વો) શ્રી એન. વી. ઠુંમર, રાજકોટ એસ.ટી. ડેપો મેનેજર શ્રી ઘનશ્યામ ચગ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ અને મુસાફરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી ૨૬મી જાન્યુઆરી- પ્રજાસત્તાક પર્વ જિલ્લાકક્ષાની ઉજવણી ચીખલી તાલુકા મથકે થશે

**નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના ઉપસ્થિતિમાં ઉજવાશે ધ્વજવંદન સમારોહ**



કમલમ્,નવસારી

આગામી તા.૨૬મી જાન્યુઆરી- પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી ચીખલી તાલુકાના નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે. જેના સુચારુ આયોજન અર્થે જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના માર્ગદર્શન તથા ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે સોમવારે સવારે ૯:૦૦ વાગે ધ્વજવંદન સમારોહ યોજાશે. મંત્રીશ્રી પરેડનું નિરીક્ષણ કરીને લોકોનું અભિવાદન ઝીલીને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છાની આપ-લે કરશે. ચીખલી પ્રાંત કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં પ્રજાસતાક પર્વની ઉજવણી ચીખલી નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે થનાર છે, ત્યારે મેદાનની સફાઈ, સજાવટ અને સુરક્ષા વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પરેડ અને સલામી, પોલીસ દળ, NCC કેડેટ્સ અને હોમગાર્ડ્સ દ્વારા પરેડની રિહર્સલ, ટેબ્લો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીશ્રીએ પ્રજાસત્તાક પર્વમાં વધુમાં વધુ નાગરિકો જોડાય તે માટેની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું.

આ ધ્વજવંદન સમારોહમાં પોલીસ બેન્ડની મધુર સુરાવલિઓની ધૂન વચ્ચે પોલીસ સહિત અન્ય સુરક્ષા જવાનોની પ્લાટુન પરેડ તથા ટેબ્લોનું નિદર્શન યોજાશે. તદઉપરાંત વિવિધ શાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનારા અધિકારી-કર્મયોગીઓને સન્માનિત કરી પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાશે.

સાથે-સાથે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનારાઓનું સન્માન કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વમાં લોકોને મોટી સંખ્યામાં ભાગીદાર બનવાનો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ છે. બેઠકમાં ચીખલી તાલુકા વિકાસ અધિકારીશ્રી ભાવના યાદવ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028